R.N.I.No.: 11555 / 1966

Total - 26 Pages

Price Rs. 1/-

Vol No. 64 - Issue No. 1

એપ્રિલ ૨૦૨૦



# જ્યોતિપુંજ

## e-JYOTI PUNJ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

એપ્રિલ ૨૦૨૦ નો જ્યોતિપુંજ-ઈ-મેગેઝીન નો આ અંક તમારી સમક્ષ રજૂ કરતાં અમે હર્ષ ની લાગણી અનુભવીએ છીએ.

આપ સર્વે ને નમ્ર વિનંતી કે આ અંક તમારા કુટુંબીજનો, સગા સંબંધીઓ તથા જ્ઞાતિ-મિત્રો ને વોટ્સ એપ, ઈ-મેઈલ દ્વારા પોસ્ટ કરો.

તમારા વિનમ્ર પ્રયાસ થી સમાજ ના પ્રત્યેક ઘર માં જ્યોતિપુંજ નો આ અંક પહોંચશે.

# જ્યોતિપુંજ - ઈ - મેગેઝીન

## પ્રથમ - પ્રયાસ

પરિસ્થિતીની વિકટતા ને અનુલક્ષીને જ્યોતિપુંજ-ઈ-મેગેઝીન, એપ્રિલ' ૨૦૨૦ નો અંક પ્રગટ કરવાનું નવી દિશાનું આ અમારું પ્રથમ ડગલું છે.

અત્યારે ઘર-પરિવાર માં સંબંધો ગાઢ બનાવવાનો, સંવેદનાઓને પામવાનો અને પ્રગટ કરવાનો, નવું શિખવાનો, નવું તારવવાનો આ વણમાંગ્યો અનેરો અવસર છે. વાત્સલ્ય અને પ્રેમથી હર્યાભર્યા તમારા કુટુંબમાં જ્યોતિપુંજ ઈ-મેગેઝીન વિવિધતાનો રસથાળ લઈ આવી રહ્યું છે.

અમને પણ આ નવા સંજોગોમાં ઘણું નવું શિખવા મળ્યું છે, એટલેજ તો કહેવામાં આવે છે કે પરિવર્તન એ તો આ સંસાર નો નિયમ છે.

જ્યોતિપુંજ-ઈ-મેગેઝીન બનાવવાનું નક્કી કર્યું તેમાં શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ઉપ-પ્રમુખ શ્રી સમીરભાઈ ગાંધી તરફથી સમસ્ત સમજ અને સાથ સહકાર મળ્યા. શ્રી અલ્પેશભાઈ  ધારીઆ એ સોનામાં સુગંધ ભળે તેવી રીતે જ્યોતિપુંજ ની સમગ્ર માહિતી ની ગોઠવણી કરીને તેમજ સુંદર આકાર આપીને સમાજ સમક્ષ રજૂ કરવાની જવાબદારી ઉપાડી લીધી. સંઘના તમામ હોદ્દેદારો ના સમય સાથે કદમ મિલાવવાના અભિગમ ને અમે બિરદાવીએ છીએ.

જ્યોતિપુંજ કમિટી ના સભ્ય નિમીષા કડકીઆ (મરઘા) ગુજરાતી ટાઈપ સેટિંગ્સ સમજી, શિખી ને સર્વે માહિતી, લેખ બધું જ ગુજરાતી માં ટાઈપ કરવાનું બીડું ઝડપી લીધું. મારા અન્ય સભ્ય પ્રશાંત પરીખ અને તુષાર કડકીઆ એ ભરપૂર ઉત્સાહ દર્શાવ્યો, સાથ આપ્યો.

જ્યોતિપુંજ મુખપૃષ્ઠ પરિકલ્પના ત્વેશા મનિષા નિમીષ શાહ (ઉજળાવાળા) ની છે. તેમજ આ અંક માં પ્રસ્તુત કરવા ચિત્ર પણ બનાવી આપ્યા છે.

અમારા કાર્ય ને વેગવંતુ અને ઝડપી બનાવવા અમને દિલોજાન થી સહકાર મળ્યો નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાળા) નો ગુજરાતી ટાઈપ સેટિંગ્સ નું કાર્ય હોંશભેર ઉપાડી લઈ અમારા કાર્ય ને સફળ બનાવવા સુંદર સાથ આપ્યો.

પ્રથમ જ્યોતિપુંજ ઈ-મેગેઝીન પ્રગટ કરવામાં આપ સૌ ના સુંદર સહકાર બદલ ખૂબ ખૂબ આભાર, ધન્યવાદ.

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૧ | ૨૧-૦૪-૨૦૨૦ |

**છૂટક કિંમત : રૂ. ૧/-  વાર્ષિક લવાજમ : રૂ. ૧૦/-**

**બંકીમ રજનીકાંત પરીખ (તંત્રી)**
**(જૂનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નીરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

***

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪ - બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રુમ નંબર - ૧૩,
ફણસવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ટે. (ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

***

**કાર્યાલય**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે. નં. : ૨૩૮૮૭૦૦૬

***

**સમય**
**સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)**
**રવિવાર ૯:૩૦ થી ૧૧:૩૦ (સવારે)**
**દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.**

**Visit us www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી



**બંકીમ રજનીકાંત પરીખ**

### "જગતની તમામ શક્તિઓનું કવચ મને પ્રાપ્ત થયું છે"

સર્વત્ર હાહાકાર, રોકકળ, ઉધામા, અશાંતિ અને ડરનું વાતાવરણ હોય ત્યારે કરવું શું? ઈશ્વરની આ ગૂઢ લીલાને સાક્ષી ભાવે જોવું. બધું જ જ્ઞાન, બુદ્ધિની પરાકાષ્ઠા , બધું જ ઉભું રહી ગયું છે, ડઘાઈ ગયું છે. જ્યારે માનવીય બુધ્ધિ, જ્ઞાન અટકી જાય છે, ત્યાંથી જ શ્રદ્ધા અને વિશ્વાસ પ્રગટ થાય છે.

આ અનન્ય શ્રધ્ધા, અનન્ય વિશ્વાસ આપણે ઈશ્વરમાં રાખવાનો છે. ભલે ને કોઈ પણ સ્વરૂપે હોય અથવા તેના સર્જેલા આ કુદરતમાં આસ્થા રાખવાની છે. અને ફકત આવા ભયભીત સમયમાં, અસમંજસ પરિસ્થિતિમાં મનમાં એક જ અડગ ભાવ રાખવાનો છે કે જગતની તમામ શક્તિઓનું કવચ મને પ્રાપ્ત થઇ ગયું છે.

કુદરતના નિયમ તરફ પાછા વળવાની આ વેળા છે. ભારતીય સંસ્કૃતિ અને તેના મૂલ્યોનુ જતન કરવાની વેળા છે. કોરોના વાઇરસનો અદૃશ્ય હાહાકાર આ કંઇ કુદરતની પહેલી ઘટના નથી જ. પરંતુ માનવીના અડગ વિશ્વાસ અને બુદ્ધિમત્તાએ સર્વ જીવો પર સર્વોપરિતા હાંસલ કરી છે. આ ઇશ્વરની દેન છે.તેનો પ્રેમ, તેની કૃપા, તેના આશિર્વાદ નું સુભગ પરિણામ છે, તે કદાપિ ભૂલવું નહીં.

સંકટના આ સમયમાં આપણે પરોપકાર નો ભાવ રાખવાનો છે. સર્વ જીવ પ્રત્યે સદવિચાર, સમભાવ અને સત્કર્મથી મદદગાર થવાનું છે. અન્ન નો એક દાણો પણ મોઢામાં મૂકતાં પહેલાં બીજાનો વિચાર

કરવાનો છે. કંઈક ખાતાં પહેલાં બીજાનો જઠરાગ્નિ શાંત કરવો, એ આપણી ભારતીય પરંપરાના સંસ્કાર છે.

જ્યારે જ્યારે અધર્મ આ ધરતી પર વધી જાય, ત્યારે ત્યારે ધર્મના રક્ષણ માટે, તેની સ્થાપના માટે ભગવાન સ્વયં જન્મ લે છે. ઇશ્વર સાથે તાદાત્મ્ય સાધવાનો સરળ રસ્તો એટલે પ્રાર્થના. ભક્તિની શક્તિ એવી અજરામર છે કે પોતાના ભક્તની પ્રભુ ને હમેશાં ચિંતા રહેલી હોય છે.

આવો આપણે સૌ સાથે મળીને આપણી માનવતાને ઉજાગર કરીએ, પરમ કૃપાળુ પરમાત્મા ને નત મસ્તકે વંદન કરીએ, તેના ગુણ ગાન ગાઇએ. આ ઇશ્વરના આ સનાતન સત્ય ને સમજીએ, એ તરફ પાછા વળીએ. તેનો અમલ કરીએ અને તેનામાં જ અનન્ય શ્રધ્ધા અને વિશ્વાસ રાખીએ.

## ગુલદસ્તો

**વાણી જ ઘરેણું છે**

પુરુષને બાજુબંધ, ચંદ્ર જેવો સુંદર હાર, સ્નાન, તેલ-માલિશ, ફૂલ, વાળની સજાવટ સુશોભિત ન કરે. સંસ્કારી વાણી જ પુરુષને શોભાવે છે. બીજા બધા આભૂષણો સતત ઘસાય છે, સાચું ઘરેણું તો વાણી જ છે.

**સાચું શું ?**

ભગવાનના ચરણકમળનુ ભજન, રત્ન સમાન શું છે ? પોતાની શુદ્ધ બુદ્ધિ-શાસ્ત્ર શું છે? જે સાંભળવાથી દ્વૈતરૂપી અંધકાર અટકે. ( જીવ અને શિવની એકતાનો ઉપદેશ આપે તે શાસ્ત્ર). સાચો મિત્ર કોણ છે? જે ઉપકારની શિખામણ નિરંતર આપે છે? હે! મિત્ર શત્રુ કોણ છે? ખેદ આપનારા કુવિચારો.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સ્નેહી સ્વજન,

કોરોના વાયરસે કાળો કેર વર્તાવ્યો હોવાથી દેશભરમાં લોકડાઉન ની પરિસ્થિતી ચાલી રહી છે. ધંધા-રોજગાર સહિત શાક માર્કેટો પણ બંધ કરાવવામાં આવી રહ્યા છે. આવી ભયંકર પરિસ્થિતી માં "જ્યોતિપુંજ" પ્રગટ કરવું, છપાવીને તૈયાર કરવું અશકય છે. સંઘના હોદ્દેદારો તેમજ જ્યોતિપુંજ કમિટી નાં સભ્યો એ મળી જ્યોતિપુંજ-ઈ-મેગેઝીન બહાર પાડવાનું નક્કી કર્યું હોવાથી આ અંકમાં કોઈપણ જાહેરાત નો સમાવેશ કરાયો નથી.

નક્કી થયા મુજબ જ્યોતિપુંજના આ ઈ-મેગેઝીન માં ફક્ત લેખન સામગ્રી જેમ કે લેખ, કવિતા, વાર્તા, ભજન, સંસ્થાકીય સમાચાર, બાળકો માટેના ચિત્ર, પ્રકીર્ણ વિભાગ ઈત્યાદિ નો સમાવેશ કરવામાં આવ્યો છે. જેની સમગ્ર સમાજે નોંધ લેવા વિનંતી.

**મંત્રી-ભાવેશ મોદી** **તંત્રી-બંકિમ પરીખ**

તમારા દિકરા કે દીકરી ને એક જ ભેટ તમે આપી શકો તેમ હો તો તમે તેને ઉત્સાહ આપજો.

- બ્રૂસ બારટન

**જ્ઞાન માનવીનો અમૂલ્ય ખજાનો છે,**
**તે ખર્ચવા છતાં આપણી પાસે જ રહે છે.**

જીવનમાં વ્યાવસાયિક સફળતા મેળવવાની ની સાથે વ્યક્તિગત વિકાસ ની પણ ઘણી જ જરૂર છે. મગજને કાર્યવંત રાખવા, વિચારશક્તિ જાળવી રાખવા નવી માહિતી મેળવતા રહેવું જોઈએ. સર્જનાત્મક વિચારશક્તિ માટે અને યોગ્ય ઉપયોગ માટે બાહ્ય માહિતી પણ ઘણી મદદરૂપ થાય છે. ઘણી વ્યક્તિઓ પાસે જ્ઞાન હોય છે તો આવડત નથી હોતી તો ઘણી વ્યક્તિઓ પાસે એનાથી વિરુદ્ધ.

જૂલેવર્જની જાણીતી વાર્તા "ચંદ્રની મુસાફરી" કાલ્પનિક લાગતી હતી અને આજે તે મુસાફરી વાસ્તવિકતા બની ગઈ છે. આજે આપણે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં આવી ગયા છીએ. જ્ઞાનની બાબતમાં દરેક વ્યક્તિ અધૂરપનો અનુભવ કરે એટલી હદે જ્ઞાન અને માહિતી વધી રહ્યા છે. જ્ઞાનની ભૂખ, માનવીની કલ્પનાશક્તિ માનવીને નવી દિશામાં વિચારવા પ્રેરે છે. અને તેના માટે પ્રગતિની નવી ક્ષિતિજો ખોલે છે.

વાંચન દ્વારા વ્યક્તિ ઘણું મેળવી શકે છે. પરંતુ આ વાંચન સચોટ, સમયસરનું અને સંપૂર્ણ હોવું જોઈએ. સમય પસાર કરવા અર્થવિહીન લેખ, વાર્તાથી વ્યક્તિને ખાસ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આનંદ મેળવવા માટે કરાતા વાંચન માટે પણ ઉચ્ચ કક્ષાની પસંદગી હોય તો વ્યક્તિ સારા સાહિત્યની, સારી ભાષાની જાણકારી મેળવી શકે છે અને પોતાની કોમ્યુનિકેશનની આવડત વધારી શકે છે.

જ્ઞાન અને માહિતી માટેના વાંચન માટે પણ પસંદગી જરુરી છે. આનું પૃથ્થકરણ કરતાં વ્યક્તિ એ શીખવું જોઈએ. આજના હરીફાઈના જમાનામાં ઘણા સામયિકોમાં જ્ઞાનના નામે બીજી ભાષાઓના ભાષાંતર રજૂ કર્યા હોય છે. તેમાં લેખકની પોતાની માન્યતાઓ પણ રજૂ કરી હોય છે. દા.ત.: દવાના કોઈ લેખમાં લેખકે પોતાની માન્યતાના આધારે જયારે દવાઓના ગુણ-અવગુણ વર્ણવ્યા હોય છે તેની કોઈ વૈજ્ઞાનિક તપાસ થઈ હોતી નથી. આવું જ્ઞાન ખોટું જ હોય છે. જે વાંચનાર પર છાપ પાડવા જ લખાયું હોય છે. માટે જે કંઈ વાંચો તેની સત્યતા માટે વિચારો.

ટેક્નિકલ માહિતી માટે તદ્દન આધુનિક પુસ્તકો અને સામયિકો આજના જમાનાને અનુરૂપ માહિતી આપી શકે. જૂના પુસ્તકો વાંચવાથી કોઈ ફાયદો ન થાય અને સમય બગાડે. કારણ અત્યારે ઈન્ટીગ્રેટેડ સરકીટ, ઓપ્ટિકલ ફાઈબર અને લેસરનો જમાનો છે માટે તે અનુસાર નવા પુસ્તકો વાંચવા લાભપ્રદ છે.

સામાન્ય જ્ઞાન મેળવવા વધુ સમય ન બગાડે તેવી અગત્યના મુદ્દા આવરી લેતી પુસ્તિકાઓ વાંચવી જોઈએ. જ્ઞાનકોષના ઉપયોગ દ્વારા દરેક ક્ષેત્ર માં લાભ મેળવી શકાય છે. જે વિષય તમારી આજીવિકા માં મદદ કરતો હોય, તમારા વ્યવસાયને લગતો હોય તે વિષય ઉપર બને તેટલી વિગતવાર અને સંપૂર્ણ માહિતી આપતાં પુસ્તકો વાંચવા જોઈએ.

પુસ્તકો, સામયિકોની કિંમત ઘણી વધી ગઈ છે. પરંતુ બેસી ન રહેતા, અટકી ન જતાં તેને મેળવવા નવા નવા રસ્તા વિચારવા જોઈએ બજારમાંથી જૂના પુસ્તક ખરીદી શકાય, લાઈબ્રેરીમાં મેમ્બર થઈ શકાય, સરખો જ રસ ધરાવતા ચાર-પાંચ મળી તે ખરીદી શકાય, સરક્યુલેટિંગ લાઈબ્રેરીનો ઉપયોગ થઈ શકે. મહિનામાં એકાદ વખત પિક્ચર / હોટેલ ના ખર્ચ પર કાપ મૂકી અગત્યનું પુસ્તક ખરીદી શકાય. તમે તેની માહિતીનો ઉપયોગ શકો છો, તમારા વ્યક્તિત્ત્વનો વિકાસ કરી શકો છો. તમારા અભ્યાસ અથવા વ્યવસાય માં તેનો ઉપયોગ કરી શકો છો.

વાંચન કરવાની સાથે અગત્યના મુદ્દાની નોંધ લેવાની રાખશો, એક નોટબુક બનાવશો અને મુદ્દાઓનુ યોગ્ય સમયે પુનરાવર્તન કરશો તો આ માહિતી તમારા માનસપટમાં હંમેશા માટે અંકિત થઈ જશે અને તમે સચોટ ઉપયોગ કરી શકશો. તમે બીજાને માર્ગદર્શન પણ આપી શકશો.

ટી. વી. પર આવતા જ્ઞાનવર્ધક પ્રોગ્રામ્સ જોવાની ટેવ પાડવી જોઈએ. ટી. વી. પર દ્રશ્યો તમે જોઈ શકતા હોવાથી વસ્તુને તમે ઝડપથી ગ્રહણ કરી શકો છો

અને યાદ રાખી શકો છો. જુદા જુદા વિષયને લગતા ઓડિયો અથવા વિડીયો કેસેટનો પણ માહીતી મેળવવા ઉપયોગ કરી શકાય. જુદી જુદી સંસ્થાઓ, એસોસિએશન દ્વારા મેનેજમેન્ટને લગતાં વ્યાખ્યાનો, અન્ય વ્યાખ્યાનો નો લાભ લઈ જ્ઞાન વધારી શકાય.

અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વખત તો તમે તમારાથી વધુ જ્ઞાનીના સંપર્કમાં આવવાનું રાખો. આવા સમયે એક શ્રોતા બનો સારા શ્રોતા બનશો તો તમારા જ્ઞાનમાં વધારો થશે જે બોલ્યા જ કરે છે અને બીજાને સાંભળતા નથી તેનું જ્ઞાન સીમિત બની જાય છે. તમારું મિત્રમંડળ જેટલું જ્ઞાની, જિજ્ઞાસુ અને જ્ઞાનવર્ધક વાતોમાં રસ ધરાવનાર હશે એટલો તમારો વિકાસ વધુ થશે.

આનંદ, ધાર્મિક આસ્થા વગેરે સાથે જો મુસાફરી માં જ્ઞાન મેળવવામાં પણ આશય રાખવામાં આવે તો એ મુસાફરી વધારે આનંદભરી બની શકે છે. જીવનના વાસ્તવિકતાનો, તસવીર ની બીજી બાજુ નો ખ્યાલ આવે છે. દા.ત.: હિમાચલ પ્રદેશમાં ફરવા જાઓ તો ત્યાંના સામાન્ય માનવીઓને મળવાનું રાખો. તેમનું અવલોકન કરો તેમના રીતરિવાજ, લોકગીત, ખોરાક મુખ્ય વ્યવસાયો વગેરેની માહિતી મેળવવા પ્રયત્ન કરો અને આ રીતે હિમાચલ પ્રદેશનાં સાચાં દર્શન કરો. મોટે ભાગે પ્રવાસના સ્થળે આપડે જાણીતી અને પ્રચલિત જગ્યાઓ જોઈ પ્રવાસ પૂરો કરવાનો સંતોષ માનીએ છીએ. હિમાચલ પ્રદેશના ખોરાકનો આનંદ મેળવવાને બદલે ત્યાં ગુજરાતી થાળી શોધીએ છીએ.

જીવનમાં અમુક માહિતી અકસ્માતથી અથવા સંજોગવશાત મળતી હોય છે. પરિણામે આપણે તે અનુભવના આધારે સાવચેતી પૂર્વક કામ કરતાં શીખીએ છીએ દા.ત.: ઈલેક્ટ્રીક શોક, વાહન ની ટક્કર.

તમારી અવલોકન શક્તિ ખીલવી તેનો અમલ કરશો તો પણ ઘણું જાણી શકશો ઘણા વૈજ્ઞાનિકો એ પોતાની અવલોકન શક્તિનો ઉપયોગ કરી આ જગતને ઘણું પ્રદાન કર્યું છે.

દેશ અને દુનિયા સાથે કદમ થી કદમ મિલાવતા આપણા જ્ઞાન અને માહિતી ને આધુનિક બનાવતા રહેવું પડશે, શીખવું પડશે તો જ ટકી રહેવાશે.

જ્ઞાન ના ફાયદા :- (૧) તમે કોઈને મદદરૂપ બની શકો છો (૨) વ્યવસાયમાં અભ્યાસમાં નિપુણતા મેળવી શકો છો (૩) સમયને યોગ્ય રીતે પસાર કરી શકો છો (૪) તમારા વયક્તિત્વને વિકસાવી શકો છો (૫) ચર્ચામાં ભાગ લઈ શકો છો (૬) લઘુતાગ્રંથિથી મુક્ત થઈ શકો છો (૭) કોઈનું જીવન બચાવી શકો છો (દા.ત.: પ્રાથમિક ઉપચારનુ કામ) (૮) તમારા સાધનોની માવજત કરી શકો છો (દા.ત.: ટેપરેકોર્ડરનાં હેડની સફાઈ) (૯) મિત્રો વધારી શકો છો.

જ્ઞાન વધારવાની સાથે તમારું અભિમાન ના વધે તેનું ધ્યાન રાખશો અને જ્ઞાનનો દુરુપયોગ કરી સમાજનું અહિત ના થાય તેનું પણ ધ્યાન રાખશો તો જ્ઞાન તમારા માટે આશીર્વાદ બનશે.

- સંકલન

કોઈને નાત ખટકે છે કોઈને જાત ખટકે છે
અમોને સંકુચિત દ્રષ્ટિ તણો ઉત્પાત ખટકે છે
નથી એ ધર્મનાં ટીલાં કલંકો છે મનુષ્યોનાં
વિરાટોને લલાટે અલ્પતાની ભાત ખટકે છે
કદી ડંખે છે દિન અમને, કદી ખુદ રાત ખટકે છે
જુદાઈમાં અમોને કાળની પંચાત ખટકે છે
સમંદરને ગમે ક્યાંથી ભલા બુંદબુંદની પામરતા
અમોને પણ મારા દેહની ઓકાત ખટકે છે
વિવિધ ફૂલો છતાં હોતો નથી કૈં ભેદ ઉપવનમાં
ફકત એક માનવીને માનવીની જાત ખટકે છે.
કરી વર્ચસ્વ સૃષ્ટિ પર ભલે રાચી રહ્યો માનવ?
અમોને દમ વિનાને શૂન્ય એ સોગાત ખટકે છે

– શૂન્ય પાલનપુરી

# એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ



એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે
એવું શ્રી વિઠ્ઠલ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે...

પ્રાણ પ્યારું છે અમને અતિશે વહાલું છે
પુષ્ટિ માર્ગ પ્રકટાવ્યો દૈત્યોનો તાપ નસાવ્યો
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે...

સેવા માર્ગ ચલાવ્યો ભક્તિ માર્ગ વિસ્તાર્યો
એવું શ્રી વિઠ્ઠલ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે...

મેવાડ મધ્યે બિરાજે જેનું સ્વરૂપ સુંદર રાજે
એવું શ્રી શ્રીનાથજીનું નામ અમને પ્રાણ પ્યારું છે...

કાંકરોલી મધ્યે બિરાજે રૂડો રાયસાગર ગાજે
એવું શ્રી દ્વારકાધીશનું નામ અમને પ્રાણ પ્યારું છે...

ગોકુળમાં ગૌધાનચારી વૃંદાવનમાં કુંજબિહારી
એવું શ્રી કૃષ્ણચંદ્રનું નામ અમને પ્રાણ પ્યારું છે...

# ભયાનક રાક્ષસી વાયરસ

## તંત્રીમંડળ તરફથી

## "કોરોના" માટે દુનિયાભરના વૈજ્ઞાનિકો / સંશોધકોના હાથ કેમ પાછા પડે છે?

દરેકના મનમાં પ્રશ્ન ઉદભવે છે કે કોરોના વાઇરસ એક પ્રકારનો ફ્લુ હોવા છતાં અન્ય ફ્લુથી વિશેષ શું કામ છે? આપણે તે સંક્ષિપ્તમાં જાણવાનો પ્રયાસ કરીએ.

આ આખી વાતનું મૂળ RNA Sequencing અર્થાત્ Genetics સાથે સંકળાયેલુ છે. માનવ શરીર season change થી થતાં ફ્લુથી પરિચિત છે. તે ફ્લુના DNA/RNA આ પ્રકારના ફ્લુના વાઇરસના DNA/RNA ની સાંકળથી માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ પરિચિત છે. એટલે કે આવા ફ્લુનો સામનો કરવા માટે માનવીની રોગપ્રતિકારક શક્તિ તૈયાર હોય છે. કોઈ પણ ફ્લુ વિરુદ્ધ રોગપ્રતિકારક શક્તિ બનાવવાના ઉપાયો હોય છે. (૧) રસી મૂકાવી, (૨) આપણા શરીરમાં વાઇરસને પ્રવેશવા દેવું. અર્થાત્ તે ફ્લુથી સ્વેચ્છાએ માંદા પડવું. આ બન્નેમાંથી કોઇ પણ ઉપાય કરવાથી આપણા શરીરમાં આ ફલુને મારવાના એન્ટીબોડીઝ (antibodies) બનાવી લે છે. આ રીતે આપણું શરીર વિભિન્ન પ્રકારના ફ્લુથી આપણને રક્ષણ આપે છે.

નવીન પ્રકારના વાઇરસ પ્રાણીઓમાં થી સંક્રમણ પામે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા WHO , આ પ્રકારના વાઇરસ પર નજર રાખે છે. સામાન્ય રીતે આ પ્રકારના વાઇરસ પ્રાણીઓ અને પક્ષીઓ માં અંદરોઅંદર થતાં હોય છે. ક્યારેક એકાદવાર આ વાઇરસ માંથી એક પોતાનું સ્વરૂપ બદલે (mutates), અને પ્રાણીઓમાં થી માનવામાં સંક્રમિત થવા લાગે છે. (દા.ત. સ્વાઇન ફ્લૂ). શા માટે આ પ્રકારની પરિસ્થિતિ માનવ માટે વિકટ છે ? કારણ કે આવા વાઇરસ વિરુદ્ધ માનવ શરીર પાસે કોઈ રોગપ્રતિકારક શક્તિ હોતી નથી. આ વાઇરસ પ્રાણીઓમાંથી માનવ શરીરમાં સંક્રમિત થયું હોવાથી ,આ Human વાયરસ નહીં પણ Animal વાયરસ છે. માટે જ માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ માટે તે તદ્દન નવું છે. એના માટે ની એન્ટીબોડીઝ માનવ શરીરમાં નથી. જતા દિવસે આ

વાઇરસ પાછું પરિવર્તિત (mutate) થઇ માનવ થી માનવમાં સંક્રમણ કરવા લાગે છે. પરંતુ આ પરિસ્થિતિ આવતા ઘણા વર્ષો વીતી જાય છે. ત્યાં સુધી રસી અને દવાઓની શોધ થઈ જાય છે.

હવે આપણે કોરોના વાઇરસ ની ચર્ચા કરીએ. તે માત્ર પ્રાણીઓમાં જ હતો. ડિસેમ્બર ૨૦૧૯ માં તે પરિવર્તિત ( mutate ) પામી પ્રાણીમાં થી માનવ શરીરમાં સંક્રમિત થયો. ઉપર જણાવ્યા મુજબ તે માત્ર પ્રાણીમાં થી માણસમાં આવી શકતો હતો. હવે હું તમને કોરોના વાઇરસની ભયાનકતા જણાવું છું.

બે જ અઠવાડિયામાં કોરોના વાઇરસ માનવ થી માનવમાં સંક્રમિત થવા લાગ્યું. સામાન્યપણે જેને વર્ષો લાગતાં હોય છે, તે માત્ર બે અઠવાડિયામાં!! ખૂબ જ ભયાનક આ કોરોના વાઇરસ એક રોકેટની જેમ ફૂટ્યું. માનવ શરીરમાં આની કોઈ રોગપ્રતિકારક શક્તિ નથી. અને તબીબો પાસે આની કોઈ દવા કે રસી નથી. તેનું ભયાનક પાસું એ છે કે તે સીધો જ માનવીના ફેફસાં પર હુમલો કરે છે. માટે જ કોરોના વાઇરસ અન્ય વાઇરસ કરતાં અલગ અને ભયાનક છે. આ લખાઈ રહ્યું છે , ત્યાં સુધીમાં તે ફરી , હજુ એકવાર પરિવર્તિત (mutate) થઈ ગયું છે અને અત્યારે બે પ્રકારના વાઇરસ તૈયાર થઈ ગયા છે. તેથી જ વૈજ્ઞાનિકો/સંશોધકો સહિત સમગ્ર વિશ્વ આ મહામારી થી ડરી ગયેલુ છે. અને બધા જ પોતાના દેશને બચાવવા મથી રહ્યા છે.




## મદદ નો હાથ જરૂર લંબાવજો

બાલાસિનોર દશાનિમા વણિક જ્ઞાતિ ના સર્વેને જે જે શ્રી ગોકુલેશ.

હાથ ધોઈને પાછળ પડેલા કોરોના વાયરસથી બચવા આપણે ભારત સરકાર અને પોતાની રાજય સરકારના કાયદાનું કડક રીતે પાલન કરવું જરૂરી છે.

ઘરમાં જ રહેવું, નીચે ટહેલવા ન જવું, સુરક્ષિત રહેવું અને રક્ષણાત્મક રીતે ઘર-પરિવાર કુટુંબીજનોને સાચવવા. હંમેશા સાજા સારા રાખવા, ખાસ કરીને ૬૦ વર્ષ થી ઉપરના વડીલોએ ઘરમાં જ રહેવું.

ખાવા-પીવા માં ઠંડા પદાર્થો તેમજ ફ્રીજ ના પાણી ન લેવા, રાક્ષસ જો ગળા માં પેઠો હોય તો ત્યાંજ ખલાસ કરવા ગરમ પાણી, ચ્હા, કોફી, દૂધ લેવા હિતાવહ છે, તેને બહાર જ અટકાવી રાખવા માટે પણ આ કિમીયો કારગત નીવડે છે.

ખાવા-પીવા માં રોજ લીંબુ, હળદર, લવિંગ, તજ, અજમો વગેરે નો ઉપયોગ ચોક્કસ કરવો.

સાબુ થી હાથ વારંવાર બરાબર ઘસી ઘસી ને આગળ પાછળ પોંચા સુધી ધોવા. ઘરની બહાર નીકળવું પડે તો મોઢું ઢાંકવા માસ્ક, હાથ રૂમાલ, ગમચા, દુપટ્ટા નો ઉપયોગ કરવો. જીવન જરૂરિયાત કામ પતાવતા સામે વાળી વ્યક્તિ થી ઓછામાં ઓછું ૩ ફૂટ એટલેકે ૧ મીટર દૂર ઉભા રહેવું જોઈએ અને પાસે પાસે રહેવું નહીં. નિત્ય નિયમિત યોગ, આસન, પ્રાણાયામ અન્ય કસરત કરી શરીરને તંદુરસ્ત રાખવું.

જ્યોતિપુંજ ફેબ્રુઆરી ૨૦૨૦ નાં અંક માં કોરોના ની ગંભીરતા ને લઈ ને અમે આપ સર્વે ને જાગ્રત કર્યા હતા. સર્વત્ર આખી દુનિયામાં હાહાકાર મચાવનાર કોરોના ને લીધે આર્થિક તકલીફો પણ ઘણી ઉભી થઈ છે.

આપણા સમાજના પણ ઘણા કુટુંબો આર્થિક મુસીબત માં સપડાયા છે. સમય સાથે સિસ્ટમ માં પણ ફેરફાર કરવા પડે છે. આર્થિક રાહત લેતા કુટુંબોના અત્યારે બાર વાગી ગયા છે. સમાજની કોઈપણ સંસ્થા માં અત્યારે ઓનલાઈન પેમેન્ટ કરવાની સિસ્ટમ ન હોવાથી આ લોકડાઉન માં આપણા સમાજના ઘણાં કુટુંબો પૈસા વગર મુસીબત માં મુકાઈ ગયા છે.

જ્યોતિપુંજ ના માધ્યમ દ્વારા અમે અરજ કરીએ છીએ જો તમારી આસપાસ આવા કુટુંબો વસતા હોય તો ચોક્કસ તેમના માટે મદદ નો હાથ લંબાવજો આપણા ભાઈભાંડું ના ઘરમાં પણ ચૂલો સળગે તેનું અવશ્ય ધ્યાન રાખશો.

આ લખાઈ રહ્યું છે ત્યારે કોરોના થી બચવાની આપણા માનનીય વડાપ્રધાને જે 'સપ્તપદી' ના સૂત્ર બતાવ્યા છે, તેનો ચોક્કસ અમલ કરવો અને બીજા સર્વે પાસેથી પણ ચોક્કસ અમલ કરાવડાવજો.

દરેક જણ, તમે તમારા ઘરમાં સલામત રહેજો, તંદુરસ્ત રહેજો, ખુશ રહેજો.

**મંત્રી-ભાવેશ મોદી** **તંત્રી-બંકિમ પરીખ**



# શ્રી યમુનાજી શ્યામા કેમ બન્યાં ?

તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ

શ્રી યમુનાજીના શ્યામવર્ણ વિષે વેદ અને ઉપનિષદમાં અમુક કથાઓ છુપાયેલી છે અને અમુક કથા સમયે સમયે વિવિધ લેખકો, વિદ્વાનો અને કવિઓની કલ્પના પ્રમાણે વાચા આપતું ગયું છે. પુષ્ટિમાર્ગમાં શ્રી યમુનાજી, શ્રી વલ્લભ અને શ્રી ગિરિરાજજી આ ત્રણેય સ્વરૂપના સ્વભાવ અને સ્વરૂપ શ્રી ઠાકુરજીના જેવુ શ્યામ છે. આપણાં પુરાણો કહે છે કે આ ત્રણેય સ્વરૂપ શ્યામ છે તેનું મુખ્ય કારણ એ છે કે આ ત્રણેય સ્વરૂપ વિરહી છે તેઓ સતત શ્રી ઠાકુરજીના રસમાં રસમગ્ન હોવા છતાં તેઓ વિરહી છે અને જે સતત વિરહ કરતું હોય તેનો વર્ણ વિરહની અગ્નિમાં જલી જલીને શ્યામ બની જાય છે. શ્રી યમુનાજી પણ આવા છે જેઓ વિરહથી પણ જલી રહ્યા છે અને ચિંતાથી પણ જલી રહ્યા છે. અહીં એક પ્રશ્ન થાય કે આપણે પુષ્ટિજીવો તો પોતાની ચિંતા દૂર કરવા માટે સ્વયં શ્રી યમુનાજીનું સ્મરણ કરે છે તો વળી યમુનાજીને કેવી ચિંતા હોય? વળી આપણાં માર્ગમાં ચિંતાને તો કોઈ જ પ્રાધાન્ય આપવામાં જ નથી આવ્યું અને વળી શ્રી યમુનાજી તો પ્રભુના સદા સંયોગી છે તેમ છતાં શ્રી યમુનાજી વિરહી શા માટે છે? શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ કહે છે કે શ્રી યમુનાજીને કોઈ લૌકિક ચિંતા નથી પરંતુ તેઓને ચિંતા એ વાતની છે કે હજુ પણ શ્રી ઠાકુરજીના ચરણોથી વિખૂટા પડેલા કેટકેટલા જીવો ભવસાગરની આંટીઘૂંટીના તાણાવાણામાં ફરી રહ્યા છે અને કાલના પથ્થરોમાં પિસાઈ રહ્યા છે આ તમામ જીવો હજુ પણ તેમના સ્વસ્થાન એટ્લે કે શ્રી ઠાકુરજીના શરણે પહોંચ્યાં નથી આથી શ્રી યમુનાજીને ચિંતા એ છે કે ક્યારે એઓ આ સર્વે પુષ્ટિજીવોને શોધી ફરી તેમને શ્રી ઠાકુરજીની માલામાં પરોવશે? આથી આમ પુષ્ટિજીવોની ચિંતા કરતાં શ્રી યમુનાજી જલી રહ્યા હોવાથી તેઓ શ્યામ છે, બીજી કથા અનુસાર શ્રી શ્યામસુંદર વારંવાર વ્રજરજમાં રમીને આવતાં તેથી માતા યશોદા તેઓને વારંવાર શ્રી યમુનાજીમાં સ્નાન કરાવતાં આથી શ્રી યમુનાજીમાં શ્રી શ્યામ વર્ણ આવી ગયો હોવાથી શ્રી યમુનાજી પણ શ્યામ સ્વરૂપા શ્યામા બની ગયા. ગર્ગ પુરાણમાં કહે છે કે શ્રી યમુનાજી પ્રગટ થયા ત્યારે મનમાં એજ ભાવને લઈને પ્રગટ થયા કે હું શ્યામસુંદરની છું અને શ્યામસુંદર મારા છે આ ભાવને પોતાના હૃદયમાં રાખીને નિર્ગુણ ભક્તોના અધિપતિ બનેલા શ્રી યમુનાજી પર શ્રી ઠાકુરજી સદાયે પ્રસન્ન રહેતા અને આ પ્રસન્નતા ને કારણે શ્રી યમુનાજીના સમસ્ત અંગમાં શ્રી ઠાકુરજી સમાઈ ગયા લૌકિકમાં જેમ કાજલ અડકીએ ને હાથ કાળા થાય તેમ શ્રી ઠાકુરજીના સદાયે સંગમાં શ્રી યમુનાજીના અંતરમાં શ્રી શ્યામસુંદરની શામળતા સમાઈ જતાં શ્રી યમુનાજી પણ શ્યામવર્ણીય શ્યામા થઈ ગયા. સખી શ્રી યમુનાજી શ્રી ઠાકુરજી સમાન શ્યામવર્ણી હોવાથી જ્યારે જ્યારે જીવ તેમના દર્શન કરે છે ત્યારે શ્રી યમુનાજી તે જીવોને પોતાના સ્વરૂપમાં શ્રી ઠાકુરજીનું સ્મરણ કરાવે છે.

**આપણે સેવા ના નિત્યક્રમ માં ઠાકોરજી ને મેવા** સામગ્રી ધરાવીએ છીએ... શ્રી પ્રભુ લાડ લડી ને આપણા ભાવ થી આરોગે પણ છે... આ જે નિત્યક્રમ માં મેવો અને સામગ્રી શબ્દ જે આવે છે તેનો ભાવ શું રહેલો છે.. તો આ બંને નો ભાવ કરીએ. પહેલો શબ્દ છે "મેવો" આ જે મેવો શબ્દ છે તેનો બે જગ્યાએ ઉપયોગ છે લીલો મેવો અને સૂકો મેવો, આ મેવો છે

એ નિત્યક્રમ માં ખાસ પ્રકારે શીગાર ભોગ અને ઉત્થાપન ભોગ માં આવે છે. આ બંને ભોગ છે તે કુમારિકા ના ભાવ થી પ્રભુ સન્મુખ આવે છે.આ ભોગ માં જે ધયુઁ તેને મેવો કીધુ તો એ મેવા શબ્દ માં કુમારિકા ઠાકોરજી ને વિનંતી કરે છે કે પ્રભુ મેં વો હું જીસે આપ અંગીકાર કરો.... મેવો =મેં....વો, અપભ્રંશ કરી ને મેવો બોલીએ છીએ. પ્રભુ આપને નાથ સ્વરૂપે પતિ સ્વરૂપે અમારે પામવા છે... મે વો હુ પ્રભુ જેની રાહ આપ જોતા હતા.... પ્રભુ હુ હવે આવી ગઈ છું..

હવે શબ્દ છે સામગ્રી

સામગ્રી ધરાવીએ છીએ એ ગોપીકા ઓ ના ભાવ થી પ્રભુ સન્મુખ આવે છે તેનો ભાવ શું રહેલો છે તો સામગ્રી એટલે સામ + અગ્રી, પ્રભુ ની સામે અગ્રતા પામવી. 1 1 સામગ્રી માં ગોપી ભાવ છે એટલે ગોપી કહે છે આજે તો હું બીજી બધી ગોપી કરતા સજીધજી ને જાવ તેથી પ્રભુ સન્મુખ મને અગ્રતા મળે.. ધરે પ્રભુ ની સામગ્રી માં જે ઉતમ હશે તે આપણે પ્રભુ ની અગ્ર ભાગ માં ધરશુ જેથી પ્રભુ ખુબ જ સુંદર રીતે આરોગે..... આ મેવો અને સામગ્રી શબ્દ નો ભાવ

શ્રી વલ્લભો જયતિ...

સફળતાનું રહસ્ય એ છે કે તમારા લક્ષ્યને હંમેશા તમારી નજર સમક્ષ રાખજો.

- ડિઝરાયલી

# Good to Great

**કિરીટ ધારીઆ**

અનંત કોટી બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલી શકાય તેમ નથી. તેમજ આપણાં બધા ગ્રંથો, વેદો અને ઉપનીષદો વાંચવા શક્ય નથી, પરંતુ વિશ્વના મહાપુરુષો નાં જીવનચરિત્ર વાંચવા તથા સાંભળવાથી Good માંથી Great થઈ શકાય છે.

મહાપુરુષોના જીવનચરિત્રો માં જોવા મળે છે કે તેઓએ પોતાના મનનું પ્રોગ્રામિંગ કર્યું હતું. અને તેમના ગુરુજનો પાસેથી વધુ દ્રઢતા મેળવી શક્યા હતા, આ બધું પામતા તેમના અંતરમનથી તેમના નક્કી કરેલા કાર્યો અને તેમનાં જીવનનાં લક્ષ પ્રાપ્ત કરી શક્યા... જ્યારે સારા આચારવિચાર અને એનું લક્ષ પ્રાપ્તિ મેળવવું હોય ત્યારે ઈશ્વરીય શક્તિઓ તેમને સાથ આપે છે અને તેની પ્રેરણા થી આધીન થઈ બીજા અનેકનો સાથ અને સહકાર મળે છે. ગાંધીજીની આંખોમાં જો આંખ મેળવીને વાત કરે તો હૃદયપલટો આપોઆપ થઈ જવા પામતો હતો.

મહાપુરુષો પોતાનું લક્ષ પૂર્ણ કરે ત્યારે ત્રણ વસ્તુઓ તેમના જીવનમાં પામી શકતા હતા. જીવનનાં ત્રણ પાસમાં તેઓ તનને પ્રથમ સ્થાન આપતા... "પહેલું સુખ તે જાતે નર્યા" માટે શરીરને તંદુરસ્ત રાખવા યોગા, પ્રાણાયામ તેમજ સાધનાને મહત્ત્વ આપી તેનો અમલ કરતા. કારણકે આજુબાજુનું વાતાવરણ હાવી હોવાથી મનમાં વિકૃતિ ના આવે. મનને ખુશ રાખવાથી તેઓ આનંદમાં રહી શકે. અર્ધજાગૃત અવસ્થામાં પણ તેઓ આનંદની અનુભૂતિમાં જીવતા. કઠીન સમસ્યાઓ ને મનની સહજતાથી નિવારણ કરી શકતા.

તેઓનું મનોબળ અને આત્મબળ પ્રબળ હોવાથી તેઓ બીજાને વધુ સુખ મળે તે ભાવના રાખવાથી તેમનો સત્સંગ બધાને પ્રિય લાગતો. તેઓના મનની યાત્રા એટલે સતત યાત્રા રાખી આગળ વધતા, જેથી લક્ષ મેળવવામાં સૌ સહભાગી થતા. આ પ્રોસેસ ચાલુ રાખવો હોય તો બધાને માફ કરતા જવા અને પોતે પણ માફી માંગીને આગળ વધતા.

ત્રણ ગુણો ગ્રહણ થવાથી પોતાનું લક્ષ પોતાનામાં રહેલા મનોબળથી પ્રાપ્ત કરી શક્યા. આ ત્રણ કળાઓ સાંભળવાની કળા, બોલવાની કળા અને અંતરાત્માની કળા.

સાંભળવાની કળામાં ગળણીની જેમ કચરો સાફ કરીને જેમ પાણી શુદ્ધ થાય તેમ અસત્ય અને અતથ્યનો ત્યાગ કરતા. તેનું ઉદાહરણ છે કે એક શિલ્પકારે ત્રણ એક સરખી દેખાવની મૂર્તિઓ બનાવી પરંતુ ત્રણે મૂર્તિની કિંમત અલગ અલગ રાખવામાં આવી. પહેલી રૂપિયા ૧૦૦.૦૦ ની કિંમતની મૂર્તિમાં એક કાનમાંથી સળી નાખે તો બીજા કાનેથી નીકળી જતી. બીજી રૂપિયા ૧૦૦૦.૦૦ ની કિંમતની મૂર્તિમાં એક કાનમાંથી સળી નાખે તો મોઢેથી બહાર નીકળતી, જેમ ગ્રહણ કરેલું બીજાને પસાર કરે. અને ત્રીજી ઉત્તમ રૂપિયા ૧૦૦૦૦.૦૦ ની કિંમતની મૂર્તિમાં કાનની અંદર સળી નાખવાથી સીધી હૃદયમાંથી નીકળતી. આ વર્ગ હૃદયપૂર્વક બીજાનું ભલુ વધુ વિચારતા અને કરતા.

બોલવાની કળા જે સત્ય અને તથ્યને સ્પષ્ટ તોલીને બોલે, શાંત મન હોય અને સમય જોઈને કહે. તેમનો સત્સંગ સૌને પ્રિય લાગે.

અંતરાત્માની કળા હોવાથી નરી આંખે ન દેખાય ને અંતરાત્મા કેળવવાથી સમજી જતાં. એટલે કહેવત પ્રમાણે "જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ" ઉદાહરણ તરીકે જ્યારે કૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરને કહ્યું કે ખરાબ માં ખરાબ માણસ બતાવ પણ તેમને બધાજ માણસો સારા લાગતા તેઓ ના બતાવી શક્યા. પણ જ્યારે દુર્યોધનને પૂછ્યું કે સારામાં સારો માણસ બતાવ પણ તેને સૌ માણસો ખરાબ જ લાગતા તેપણ ન બતાવી શક્યો.

આપણે મહાપુરુષો માં અનુભવીએ છીએ કે તેમના વાણી, વિચાર અને વર્તન મહાન હોય છે. ગાંધીજીના ત્રણ બંદરો સત્ય, શાંતિ અને આનંદના પ્રતિક હતા અને તેઓનાં સંકલ્પમાં કુદરતનો સાથ મળવાથી પોતાનું લક્ષ સિદ્ધ કરી શક્યા.

આપણા અર્થવૈદના યુગમાં ધન મોટો ભાગ ભજવે છે. નીતિનિયમથી કમાયેલું ધન ઉત્તમ ગણાય છે અને લોકોની પીડા દૂર કરીને કમાયેલું ધન બીજા સ્થાને ગણાય છે પણ બીજાને સુખી કરી, બીજાના ઉપયોગ માટે વાપરી, પોતાના ઉપયોગ સાત્ત્વિકતાથી મેળવેલું ઉત્તમ હોય છે.

કહેવત છે કે "ભણ્યા પણ ગણ્યા નહી" આપણા જીવનનું લક્ષ નક્કી કરીને મહાન પુરુષોના ચીંધેલા માર્ગે ચાલવાથી કોઈપણ વ્યક્તિ "Good માંથી Great" થઈ શકે છે.

માત્ર આંખ અને કાનને સંતોષે તે જ કલા નથી, પણ જે આત્માને ઉન્નત કરે તે કલા છે.

- મહાત્મા ગાંધીજી

# હીંડોળાખાટ

## અવળા-સવળા શબ્દો બરાબર ગોઠવીને ગીતની કડી શોધો.

(૧) ઝોળી આવે ટપકતી સમરાંગણથી રક્ત સો સો

(૨) ઝંડા રહે વિશ્વ પ્યારા ઊંચા તિરંગા હમારા વિજયી

(૩) કમજોર શક્તિ દેના ના હમેં મનકા હો ઈતની વિશ્વાસ દાતા

(૪) ના કરે લાખ રે કોઈ મિટે ચતુરાઈ ભાઈ કરમકા લેખ

(૫) અમે ધખાવી બેની તારા રે ધૂણી નામની

(૬) સવારે જાણ્યું શું જાનકી થવાનું છે ન નાથે કે

**જવાબ:-**

(૧) રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે

(૨) વિજયી વિશ્વ તિરંગા પ્યારા ઝંડા ઊંચા રહે હમારા

(૩) ઈતની શક્તિ હમેં દેના દાતા મનકા વિશ્વાસ કમજોર હો ના

(૪) કોઈ લાખ કરે ચતુરાઈ કરમકા લેખ મિટે ના રે ભાઈ

(૫) ધૂણી રે ધખાવી બેની અમે તારા નામની

(૬) ન જાણ્યું જાનકી નાથે કે સવારે શું થવાનું છે



## યોગ્ય જોડી જોડો

ડાબી બાજુ યોગ આસનના નામ લખેલા છે અને જમણી બાજુ તેને સંબંધીત પ્રાણી, ગ્રહ વગેરેના ચિત્રો આપેલા છે, પણ તે બધા ઉપર-નીચે થઈ ગયા છે, તમે યોગ આસનના નામ ઉપરથી સાચા જવાબ શોધો.

| | | | |
|---|---|---|---|
| ૧ | ગૌમુખાસન | શ્રી |  |
| ૨ | વૃક્ષાસન | બા |  |
| ૩ | કુર્માસન | લા |  |
| ૪ | ભુજંગાસન | સિ |  |
| ૫ | ગરુડાસન | નો |  |
| ૬ | મયુરાસન | ૨ |  |
| ૭ | મત્સ્યાસન | ન. |  |
| ૮ | ઉષ્ટ્રાસન | યુ. |  |
| ૯ | ધનુરાસન | સં |  |
| ૧૦ | સૂર્યનમસ્કાર | ધ |  |

જવાબ :- (૧) - (ન.), (૨) - (સિ), (૩) - (શ્રી), (૪) - (સં), (૫) - (લા), (૬) - (ધ), (૭) - (બા), (૮) - (નો), (૯) - (યુ.), (૧૦) - (૨)

# દિવ્યાંશ

**નિમિષા જીજ્ઞેશભાઈ કડકીઆ (મરઘા)**

## રામાયણ અને મહાભારત પટકથાના પથદર્શક વાક્યો:

રામ કરે તેમ કરો અને કૃષ્ણ કહે તેમ કરો. જીવન જીવતા માનવીને ઘણા સુખ, દુઃખ ,ઉતાર, ચઢાવ, . સંઘર્ષમાંથી પસાર થવું પડે છે.

રામાયણ તથા મહાભારતમાંથી માનવીને ઘણું શીખવા, સમજવા, જાણવા મળે છે. ઉચ્ચતમ બોધ પ્રાપ્ત થાય છે. આમાંથી જ આપણા જીવનની અનેક ગૂંચનો ઉકેલ પ્રાપ્ત થઇ જાય છે. જીવનમાં આનંદના અનેક અવસર ફરી યાદ, પ્રાપ્ત થઇ જાય છે.

તો આવો આને ફકત મનોરંજન પૂરતું સીમિત ન રાખતાં તેમાં આવતા અર્થસૂચક વાક્યોને લખીએ, જીવનમાં ઉતારીએ અને આપણું જીવન સુમધુર, રઢિયામણુ બનાવીએ.

રામાયણના થોડાક અર્થસૂચક વાક્યો :

અગત્સ્ય ઋષિ-રામ-લક્ષ્મણને : માલિકે, સેવકને મોટો બતાવવો એ મહાનતા નો ગુણ છે.

લક્ષ્મણ- રામને : તમારું પ્રોત્સાહન જ મારો પ્રેરણા સ્ત્રોત છે.

રામ : લક્ષ્મણ, તું ફકત મારો ભાઈ નથી, તું તો મારા આજ્ઞાકારી પુત્ર સમાન છે હોય

રામ- શૂપર્ણખા માટે : એક લજ્જાહીન સ્ત્રી જ્યારે કામાતુર થઈ જાય ત્યારે તે પોતાનો તેમજ અન્યનો સર્વનાશ નોતરે છે.

રાવણ - સીતા ને : જે સ્ત્રી મર્યાદાની રેખા (લક્ષ્મણ રેખા) ઓળંગી જાય છે, તે કદાપિ પાછી ફરી શકતી નથી.

સીતા- રાવણને : મારું 'હરણ' કરીને તે તારું અને તારા કુળનું સર્વનાશ કર્યું છે.

જટાયુ-રામને : પોતાની પત્નીને બચાવવી એ દરેક પતિનો ધર્મ છે.

રામ લક્ષ્મણને : જેમ યુદ્ધ ક્ષેત્રમાં (રણમાં) એક યોદ્ધા વીરગતિ પામે છે તેમ જટાયુ પણ વીરગતિ પામ્યો છે. એને ઉચ્ચલોક માં સ્થાન પ્રાપ્ત થશે.

સીતા રાવણને: દુષ્ટ, ઘમંડી રાવણ તને તારી શક્તિઓનું અભિમાન છે. પણ તે મને, એક પતિવ્રતા સ્ત્રીને સ્પર્શ કર્યો, ત્યારથી તારી સર્વ શક્તિઓ કલંકિત થઈ ગઈ છે. તને વરદાન આપનાર દેવતા ઓ કલંકિત થયા છે. આવી કલંકિત શક્તિઓ બળહીન થઈ જાય છે.

ત્રિજટા સીતા ને: રાક્ષસ કુળની ઘણી સ્ત્રીઓમાં પણ એક સ્ત્રી સમાન લાગણી હોય છે , મમતા હોય છે.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - મેડીકલ કેમ્પ અનિવાર્ય સંજોગોને કારણે રદ્દ કરવામાં આવ્યો છે, જે તા.૧૦-૦૫-૨૦૨૦, રવિવારે સવારે હિન્દુ જીમખાનામાં યોજવામાં આવ્યો હતો. આ કેમ્પની આગામી તારીખ, ટાઈમ , સ્થળ અને વિગતો નક્કી કરી જણાવવામાં આવશે તેની નોંધ લેશો.**

શ્રી પરેશ ર. પરીખ ( 9821024399)
પ્રમુખ

શ્રી કીરીટ આર. ધારિયા ( 9820088069)
ઉપ પ્રમુખ

મંદોદરી- દાસીને : કોઈ એકલી સ્ત્રી જ્યારે કોઈ સ્ત્રીના ઘરે આવે ત્યારે સ્ત્રીધર્મ અનુસાર , તે સ્ત્રીએ આવનાર સ્ત્રીની આવશ્યકતાઓ પૂરી કરવી જોઈએ.

મહાભારતના થોડાક સંદર્ભસૂચક વાક્યો:

કૃષ્ણ -નંદગામના લોકોને : આજથી જ નંદગામનુ માખણ મથુરા નહીં જાય. આપણે શા માટે કર ભરવાનો ? રાજા એ છે, જે પ્રજા તકલીફમાં હોય ત્યારે તેનું ધ્યાન રાખે. મથુરાનો રાજા તમારું ધ્યાન ન રાખતો હોય, તમારી મદદ ન કરતો હોય તો માખણ કેમ મોકલવાનું ?

દેવકી- રોહીણી ને : હું યશોદાનું ઋણ કેવી રીતે ચૂકવી ?

રોહીણી- દેવકીને : તું કોનું કોનું ઋણ ચૂકવીશ? તું ફકત યશોદાની ઋણી નથી , તું તો નંદગામની , જેની જેની મટકી કાનાએ ફોડી , તે ગોપીઓની અને યમુનાજીની પણ તું ઋણી છે.

સત્યવતી - ધૃતરાષ્ટ્રને : પાંડુ પુત્ર મોટા થઈ જાય ત્યારે તેમનો ઉતરાધિકાર તેમને સોંપી દેજો. જો ઉતરાધિકાર માંગવો પડે છે ત્યારે મનમાં તિરાડ પડી જાય છે.

ગાંધારી ધૃતરાષ્ટ્રને: ભાગ્ય એ જીવન રેખા છે , માટે એને દોષ ના દેવાય.

ગાંધારી કુંતીને : મારા ભાઈ શકુનિ ના મનમાં ચોર છે, એને હું પકડી શકતી નથી. ક્યાંક મારો દુર્યોધન એના બહેલાવવા માં ન આવી જાય.

ભીષ્મ વિદુર ને : જ્યારે માળી વાટિકાની કળીઓ પર અન્યાય કરી ફક્ત એક કળી ને સર્વ પ્રકાશ આપવા લાગે , તો વાટિકાની બીજી કળીઓ નું શું થશે ?

# અમૃત-બિંદુ
# ભાગ્ય સૌભાગ્ય

**વોટ્સએપ પરથી સંકલન**
**હસ્તે - નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાળા)**

મનુષ્ય બન્યા તે ભાગ્ય, વૈષ્ણવ બન્યા તે સૌભાગ્ય.

- સત્સંગ મળ્યું તે ભાગ્ય, સત્સંગ ફલિત થયું તે સૌભાગ્ય.
- સત્સંગમાં બેઠા તે ભાગ્ય, સત્સંગ આપણમાં બેઠું તે સૌભાગ્ય.
- શ્રીઠાકોરજી કૃપા કરે તે ભાગ્ય, શ્રીસ્વામિનીજી કૃપા કરે તે સૌભાગ્ય.
- કૃપા થાય તે ભાગ્ય, કૃપા જીરવાની ક્ષમતા આવે તે સૌભાગ્ય
- પ્રભુ ઘરે પધાર્યા તે ભાગ્ય, પ્રભુ માંગી માંગી ને લેવા લાગે તે સૌભાગ્ય.
- પ્રભુ મળ્યા તે ભાગ્ય, પ્રભુ અનુભવ કરાવવા લાગ્યા તે સૌભાગ્ય.
- અલૌકિક આજ્ઞા થાય તે ભાગ્ય, અલૌકિક આજ્ઞાનું પાલન કરીએ તે સૌભાગ્ય.
- જીવ પ્રભુને કહે તમે મારા છો તે ભાગ્ય, પ્રભુ જીવ ને કહે તું મારો છે તે સૌભાગ્ય.

"જાપર કૃપા શ્રીવલ્લભ કરે, તાકે શ્રીયમુનેજુ સર્વસ્વ જુ દેહિ"

શ્યામસુંદર શ્રીયમુનેમહારાણીજી કી જય

# બાળ - વિભાગ



## હેરીપોટર મેજીક દિવા



ઘણા બાળકો હેરીપોટર ની સ્ટોરી થી વાકેફ હ શે. જાણતા હશે. આ કાલ્પનિક વાર્તા ના ઘણાં પાત્રો અસાધારણ વસ્તુઓ ઘટનાઓ બાળકોને રોમાંચિત કરતાં હોય છે. આપણે આ વાર્તા ની વસ્તુઓ જેવા હેરીપોટર મેજીક દિવા કેવી રીતે બનાવવા તે જોઈશું. આ માટે ઘરની નકામી વસ્તુઓ નો ઉપયોગ કરવાનો છે. સૌ પ્રથમ ટોઈલેટ રોલ ના ગોળાકાર પૂઠાનો આ માટે ઉપયોગ કરવાનો છે. આ ટોઈલેટ રીગ પર કાળો કાગળ ચીટકાવી દો. આ રીંગને ઊભી ગોઠવો. રીંગ ના ઉપર ના પોલાણવાળા ગોળાકાર ભાગમા જરા અંદર થીનાના ડબ્બા નું ઢાકણુ પૂઠાની પટ્ટી ના આધારે ચીટકાવી દો. આ ઢાકણ ઉપર મીણબત્તીવાળા દિવા ની વાટકી વચ્ચે મૂકી હલે નહીં તેમ ચીટકાવી દો. આ દિવા ની વાટકી ન દેખાય તેટલી ઉનડાઈએ જ ઢાકણ ચીટકાવવુ જરૂરી છે. દિવાની વાટકી મૂકી છે ત્યા ઉપર ની તરફ ગોળાકાર રીંગ મા સામસામે ની બાજુ એ કાણાં પાડો. દિવાને બારી ની જાળી પર લટકાવવા મજબૂત કાળા દોરા નો ઉપયોગ કરો. તૈયાર કરેલા મેજીક દિવા ના કાણા માથી કાળો દોરો પસાર કરી બાન્ધી દો. આ દોરા ને જાળી પર લાંબે લાંબે બાંધી દિવો લટકાવી દો જેથી સળગે નહીં. અંધારુ થતાં તમારા હેરીપોટર મેજીક દિવા ને પ્રગટાવી ફોટો પાડો.

## બાળકો ને નીચે દર્શાવેલા પ્રશ્નો પૂછી તેનાં પાસેથી કંઈક જાણવા સમજવાની કોશિશ કરો.

(૧) તને કયો રંગ સૌથી વધારે પ્રિય છે ?

(૨) તને તારા કયા મિત્રએ છેલ્લે, શું મદદ કરી હતી ?

(૩) આપણે રેલ્વે-સ્ટેશન પર ઉભા હોઈએ તો આપણને શું શું દેખાય છે ?

(૪) એવી કઈ સુગંધ છે, જે તને ખૂબ ગમે છે ?

(૫) ગઈ કાલે આપણાં ઘરની બારી-બાલ્કની માંથી તને કયા અવાજ સંભળાયા હતા ?

(૬) સ્કૂલે થી ઘરે આવતાં રસ્તામાં શું શું દેખાઈ છે ?

(૭) આપણાં ઘરમાં કઈ વસ્તુ તને ખૂબ જ ગમે છે ?

(૮) આપણી સોસાયટી માં રહેતા દસ જણના નામ કહે ?

(૯) શોપિંગ મોલમાં અંદર જતાં તને શું શું દેખાઈ છે ?

(૧૦) તને કઈ વસ્તુ ખાવાની ખૂબ ભાવે છે ? અને જાતે કઈ ખાવાની વસ્તુ બનાવવાની ઈચ્છા થાય છે ?

# વાર્તાઓ

બાળકોને બંને વાર્તા વાંચી સંભળાવો અને નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ સમજાવો.

(૧)

## ભક્ત અહલ્યાબાઇ : નારીશક્તિનું અજોડ ઉદાહરણ

ઈંદોર નાં મહારાજા મલ્હાર રાવ હોળકરનો મુકામ ઔરંગાબાદ જિલ્લામાં ચૌન્ડી નામે ગામમાં હતો. ત્યાં તેમણે એક ગરીબ ખેડૂત-કન્યાને મંદિરમાં ભક્તિભાવપૂર્વક ભગવાનની પૂજા કરતા જોઈ. એમણે એને પોતાની પૂત્રવધૂ તરીકે પસંદ કરી. આ ખેડૂત- કન્યા તે અહલ્યાબાઇ.

અહલ્યાબાઇ નો જન્મ ઈ.સ. ૧૭૨૫ માં થયો હતો. એમના પિતા નું નામ માણેકજી શિંદે. માણેકજી એ અહલ્યાબાઇ ને ધર્મ-કર્મની સારી કેળવણી આપી હતી. પરણીને સાસરે આવ્યા પછી, પોતાની બુધ્ધિ શક્તિથી ને સેવા ચાકરીથી અહલ્યાબાઇ એ સૌનાં મન જીતી લીધા. મલ્હારરાવ તેને પોતાના ની સાથે દેશદેશાવર પણ લઈ જતા, યુધ્ધ ક્ષેત્રમાં પણ લઈ જતા, અને રાજકાજની પણ તેમને તાલીમ આપતા.

ઈ.સ. ૧૭૫૪ માં એક યુધ્ધમાં અહલ્યાબાઇ નાં પતિ ખંડેરાવ નું મૃત્યુ થયું. વૃધ્ધ મલ્હારરાવ ભાંગી ગયા. તેમણે અહલ્યાબાઇને કહ્યું,' હવે તો તું જ મારો દીકરો! તું જ મારો રાજ્ય કારભાર સંભાળ !' અહલ્યાબાઇ એ રાજ્ય કારભાર પોતાના હાથમાં લીધો.

રાજ્યના દીવાન ગંગાધર ની સલાહ અહલ્યાબાઇ એ ન માનતા, તે વીફર્યો. તેણે પેશવાના કાકા રાઘોબાને લખ્યું,' હોળકરની તિજોરી ધનથી ઊભરાય છે. બાઈ માણસને ડરાવી એ હાથ કરી લો.

રાઘોબાએ અહલ્યાબાઇ પાસે ધનની માંગણી કરી. અહલ્યાબાઇ એ જવાબ માં લખ્યું ,' એ ધન દેવ બ્રાહ્મણો નું છે. તમે બ્રાહ્મણ તરીકે માંગતા હો તો આપું!'

રાઘોબા ને ગુસ્સો ચડ્યો,' શું હું ભિખારી બામણો છું? હું મારા કાંડા બાવડા ના જોરે એ ધન લઈશ.'

એ ફોજ લઈને ચડી આવ્યો. એની સામે અહલ્યાબાઇ એ સ્ત્રીઓની ફોજ ઊભી કરી. પોતે ઘોડેસવાર બની મોખરે ઊભી. એણે રાઘોબાને કહાવ્યુ,' હું કેવી અબળા છું તે હવે જો જો. પુરુષો સામે લડતા હારી જઈશ તો મારી કાંઈ આબરૂ જવાની નથી. પણ સ્ત્રી ઓ સામે લડતા તમો હાર્યા તો ક્યાંય નાં નહીં રહો ! નોંધી રાખજો એ જ થવાનું છે.'

રાઘોબા સમજી ગયો. તેણે કહ્યું,' હું ક્યાં લડવા આવ્યો છું? હું તો ખંડેરાવ બાબા ગુજરી ગયા એનો ખરખરો કરવા આવ્યો છું !'

અહલ્યાબાઇ એ રાજ્યનો વહીવટ હાથ માં લેતા ખજાના પર તુલસી પત્ર મૂકી જાહેર કર્યું હતું કે આ ધન અને આ રાજ્ય ભગવાન શંકરનું છે, ને ભગવાન શંકરની વતી મારે પ્રજા હિતનું મારૂં કર્તવ્ય બજાવવાનું છે. રાજ્યના હુકમો પર પણ તેઓ 'શ્રી શંકર' એવી સહી કરતા. નર્મદા કિનારે તીર્થ સ્થળ મહેશ્વર માં રહેવાનું એમણે રાખ્યું હતું. અને ત્યાં રહીને બધું કામ કરતાં હતાં. મહેશ્વરને કવિઓએ કૈલાસની ઉપમા આપી છે. દુનિયાના કોઈ રાજા કે રાણીનું નિવાસસ્થાન આવું સાદુ નહીં હોય.

અહલ્યાબાઇ એ જોઈ લીધું કે બધા પાપોનું મૂળ ભૂખ છે. તેથી તે મણે લોકોને ખેતી અને બીજા કામધંધા માં લગાડ્યા. વટેમાર્ગુઓની રક્ષાનું કામ ભીલોને સોંપ્યું. આમ રાજ્યનો ખજાનો તેમણે પ્રજાના ભલા માટે જ વાપર્યો. તેમણે આખા દેશમાં , રામેશ્વર થી બદ્રીકેદાર ને દ્વારકા થી જગન્નાથપુરી ધર્મશાળાઓ બંધાવી.

કૂવા, વાવ, તળાવો ખોદાવ્યા. મંદિરો બંધાવ્યા, રસ્તાઓ બંધાવ્યા. નદીઓ પર ઘાટ બંધાવ્યા ને ગરીબોને મફત અન્ન મળે

તે માટે અન્નસત્રો સ્થાપ્યાં તથા કેટલીય જગ્યાએ પાઠશાળાઓ ઉઘાડી. કાશીમાં વિશ્વેશ્વર અને ગયા માં વિષ્ણુ પદના મંદિરો બંધાવ્યા. સોમનાથના મંદિરની તેમણે ફરી પ્રાણ પ્રતિષ્ઠા કરાવી. સર્વ રાજાઓના દરબારમાં અહલ્યા બાઈનું નામ દેવાતાં સૌ પૂજ્યભાવ પ્રગટ કરતાં.

માણસ તો શું , પ્રાણીમાત્ર પર તેમના હૃદયમાં દયાભાવ હતો. અભિમાનનો તેમનામાં છાંટોય ન હતો.

એકવાર રાજનૈતિક સ્વાર્થમાં મહારાજની સિંધિયાએ ગુસ્સે થઇ કહ્યું,'બાઇસાહેબ, એટલું જાણી રાખજો કે અમે પુરુષ છીએ. અમે નારાજ થઇશું તો તમારા પર આફત આવી જશે.'

અહલ્યાબાઇ એ સણસણતો જવાબ દીધો,' મને તમેં સોપારીના ટુકડા જેવી ના સમજતા કે તમે મને ચાવીને ગળી જાઓ. ફોજ લઈને ઇંદોર પર ચડી આવજો. તે વખતે હાથીની સાંકળે બાંધી તમારું સ્વાગત ના કરૂ તો હું મલ્હારજી હોળકરની પુત્રવધૂ નહીં!' સિંધિયા ઠંડોગાર થઇ ગયો. ભગવાન શંકરની વતી કામકાજ કરનારમાં, ભગવાન શંકરનું તેજ કેમ ન હોય?

ઈ.સ. ૧૭૯૫ માં અહલ્યાબાઇ એ મહેશ્વર માં જ દેહત્યાગ કર્યો. એક મરાઠી કવિએ લખ્યું છે કે ,' દેવી અહલ્યાબાઇ, તમે ત્રણે લોકમાં ધન્ય છો.

## બાળકોને નીચે પૂછેલા સવાલોના જવાબ સમજાવો.

(૧) વિસ્તાર થી સમજાવો.

અહલ્યાબાઇ એ જીવન પર્યંત લોકોપયોગી કયા કયા કાર્યો કર્યા હતા?

(૨) એક વાક્ય માં કહો.

(ક) ઈંદોર નાં મહારાજા અને તેની પૂત્રવધૂના નામ કહો.

(ખ)દીવાન ગંગાધરે કોને પત્ર લખ્યો?

(ગ) મહેશ્વર માટે કવિઓએ શું કહ્યું છે?

(ઘ) અહલ્યાબાઇ નો સ્વભાવ કેવો હતો?

(૩) વિરુદ્ધ શબ્દ કહો:

(અ) જીત , (બ) તેજ(પ્રકાશ), (ક) સ્ત્રી, (S) પાપ.

(૪) કોણે કોને કહ્યું:

(ક) 'આ ધન દેવ બ્રાહ્મણો નું છે'.

(ખ)'અમે નારાજ થઇશું તો તમારા પર આફત આવી પડશે.'

(૫) ખાલી જગ્યા પૂરો:

(ક) આ રાજ્ય ભગવાન___ નું છે.

(ખ) ઈ.સ. ૧૭૫૪ માં એક યુદ્ધમાં અહલ્યાબાઇ નાં પતિ _____ નું મૃત્યુ થયું.

(૨)

## ભારત માતા ના મહાન સપૂત : વીર ભગતસિંહ

ઈ.સ. ૧૯૦૭ એપ્રિલમાં પંજાબમાં , વીર સરદાર ભગતસિંહનો જન્મ થયો હતો. સ્વાતંત્ર્ય સંગ્રામની બલીવેદી પર પ્રાણની આહુતિ આપનાર ને હિન્દ માં ક્રાંતિની જ્વાળા પ્રદીપ્ત કરવા જાણીબૂઝીને સઘળી જવાબદારી પોતાના શિરે લઈ ને જાનની કુરબાની કરનાર વીર ભગતસિંહ પંજાબના એક ખાનદાન ને દેશભક્તિ નાં રંગે રંગાયેલા કુટુંબમાં એમનો જન્મ થયો હતો. એમનું મૂળ નામ ભગવાન હતું. લોકો તેમને ભાગ્ય સિંહ કે ભગતસિંહ તરીકે પણ ઓળખતા માતુશ્રીનું નામ વિધ્યાવતી પિતાનું નામ

કિશનસિંહ હતું. તેમને ચાર ભાઇ અને ત્રણ બહેનો હતા. આ બધા જ ભાઈ-બહેનો રાજકીય ચળવળમાં હંમેશા અગ્રેસર રહેતા.

પંજાબના બંગા ગામમાં રહેતા ભગતસિંહ શાળાને કેદખાનુ સમજતા. તેર વરસની ઉંમર સુધીમાં તેમણે માંડ પાંચ ચોપડી સુધી નું ભણતર પૂરું કર્યું હતું. આ સમયે કિશનસિંહ લાહોર રહેવા ગયા હતા. એમણે વીમા એજન્ટ નું કામ શરૂ કર્યું. ને ભગતસિંહને વધુ ભણતર માટે પોતાની પાસે બોલાવી લીધા. અહીં લાહોરની દયાનંદ એંગ્લો વર્નૉકયુલર હાઇસ્કૂલ માં ભગતસિંહે મેટ્રિક સુધી અભ્યાસ કર્યો ને દર વર્ષે સ્કોલરશીપ મેળવીને પહેલા બે-ત્રણ નંબરો માં સ્થાન જાળવતા હતા. લાહોર માં તેમણે પુસ્તકાલયમાં જઇને વાંચન કર્યું. તેમણે રાજકીય અને સાંસ્કૃતિક ચળવળો જોઈ. એમને લાલા લજપતરાય જેવા દેશભક્તો ને સાંભળવાની પણ તક મળી. લાલા ને કાકા અજીતસિંહ મિત્રો હતા. બંનેને સરકારે ૧૯૦૭ માં હદપાર કર્યા ને ત્યારબાદ અજીતસિંહ આખી જિંદગી બ્રાઝીલ દેશમાં રહ્યા. અને ત્યાંથી જ ભારતની આઝાદી માટે પ્રયાસો કર્યા. ભગતસિંહના દિલમાં ધીરે ધીરે ક્રાંતિકારી ને બળવાખોર વિચારો આવવા લાગ્યા. લાલા લજપતરાય ની સભાઓમાં જવા લાગ્યા, ત્યારે ગાંધીજીએ અસહકારનું આંદોલન ઉપાડ્યું ને વિધાથીર્ઓને રાષ્ટ્રીય શાળાઓમાં જવાનો આદેશ આપ્યો. તેઓ લાલની નેશનલ કોલેજમાં દાખલ થયા.

રાષ્ટ્રને ગુલામીની બેડીઓમાંથી આઝાદ કરવા જીવનભર ઝઝુમનાર આ વીર શહીદે પોતાના આદર્શો ને સિધ્ધાંતોની ખાતર લગ્ન પણ નહોતા કર્યા.

તેમણે સાયમન કમિશન નો વિરોધ કરવા સરઘસ કાઢયુ હતું. ઈ.સ.૧૯૨૬ માં કુંદનલાલ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને કાકોરી ષડયંત્ર નાં રાજદ્રોહી કેદીઓને છોડાવવાની યોજના કરી હતી.

ઈ.સ.૧૯૨૯ માં ભગતસિંહે બડી ધારાસભામાં બોમ્બ ફેંક્યો. ક્રાંતિનો સંદેશ આપી , પત્રિકાઓ ફેંકી હવામાં ગોળીબાર કર્યો, પરંતુ બહાર નીકળતા પકડાઈ ગયા. ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ ને ફાંસીની સજા થઈ. ફાંસીએ ચડતી વખતે તેઓ આઝાદી ના ગીતો ગાતા હતા.

સરદાર ભગતસિંહની અમરવાણી મારા બાપુ ને કાકા ને સતાવતાઓને રંજાડવા માટે બંદૂકો જોઈશે.

## બાળકોને નીચે પૂછેલા સવાલોના જવાબ સમજાવો.

(૧) વિસ્તાર થી સમજાવો.

ભગતસિંહ ક્રાંતિકારી કેવી રીતે બન્યા.

(૨) એક વાક્ય માં કહો:

(ક) ભગતસિંહ નાં અન્ય નામ કહો.

(ખ) ભગતસિંહે મેટ્રિક સુધી નો અભ્યાસ કઈ સ્કૂલ માંથી કર્યો?

(ગ) ફાંસીની સજા કોને કોને થઈ?

(૩) સમાનાર્થી શબ્દ કહો:

(અ) રાષ્ટ્ર (બ) જેલ (ક) હવા (ડ) આઝાદ

(૪) ખાલી જગ્યા પૂરો:

(ક) ૧૯૦૭ પછી આખી જિંદગી કાકા અજીતસિંહ__ દેશમાં રહ્યા.

(ખ) વીર શહીદ ભગતસિંહે પોતાના __ અને __ની ખાતર લગ્ન પણ નહોતા કર્યા.



# મોહે રંગ દે

**આ સાથે મોકલાવેલા ચિત્રને પેપર પર દોરી તેમાં મનગમતા રંગ પૂરો. શક્ય હોય તો આ ડ્રોઈંગ નું પ્રિન્ટ-આઉટ કાઢી બાળકની સુગમતા માટે આપવું.**



# બંધનની કેમિસ્ટ્રી

પ્રશાંત સુરેશચંદ્ર પરીખ

**"હું" સાથે ઘણું જોડી દીધું છે**

આપણે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છીએ. "હું" એટલે શુદ્ધ ચેતના, પણ આપણે અજ્ઞાનતાના કારણે "હું" સાથે ઘણું બધું જોડી દીધું છે અને એ બધાના સરવાળાને આપણે "હું" કહીએ છીએ, માનીએ છીએ. આત્મા સિવાય અન્યને "હું " માન્યું એ જ "હું" નો ફેલાવ છે, મમત્વભાવ છે અને એ જ આપણું બંધન છે, કારાગૃહ છે. કોઈ બીજું નથી બાંધી રહ્યું. જેટલો "હું" ફેલાય છે તેટલા આપણે બંધાઈ છીએ.

આ "હું" નો ફેલાવ માત્ર શરીર સુધી નહીં , પણ અનેક વસ્તુઓ સુધી ફેલાય છે ; એટલું જ નહીં , જે વીતી ગયું છે તેની સાથે પણ મન જોડાય છે. જે વીતી ગયું છે તેને પણ આપણે કલ્પનામાં, સ્મૃતિમાં પકડી રાખીએ છીએ અને 'હું તે છું' એમ માનીએ છીએ. શરીર અને મનની બદલાતી દુનિયા માટે આપણે એમ સમજી બેઠા છીએ કે તે હું છું અને મહા-અસત્યમાં ઊલઝાઈ ગયા છીએ. આમ જ ભટકતાં રહીએ છીએ ત્યાં પ્રકાશની યાત્રા કઈ રીતે થઈ શકે ?

અસત્ય અંધકાર છે, અસત્ય જ અજ્ઞાન છે અને છતાં આપણે તો એને પકડીને બેઠા છીએ. એને છોડવાનું આપણને જરાક પણ મન થતું નથી. મૃત્યુની ક્ષણે પણ એને છોડવા નથી ઈચ્છતા. છેલ્લી ક્ષણ સુધી પકડી રાખીએ છીએ. જેને પકડીએ છીએ તે છૂટી જાય છે અને છતાં પકડવાનું નથી . છોડતા! છૂટે છે છતાં પકડી રાખવા મથીએ છીએ. આવું clinging mind - વળગતું, પકડતું ચિત્ત ભીતરની યાત્રા પર કઈ રીતે જઈ શકે? આવું ચિત્ત ભીતરની યાત્રામાં મહા અવરોધ છે , સૌથી મોટી hindrance (અડચણ) છે.

સંસાર આપણને રોકતો નથી. આપણે જે અટકીને બેઠા છીએ. આ સત્ય જો એક વાર સમજાઈ જાય તો પછી બંધન તોડવું કઠિન નથી. બંધન મેં જ નિર્મિત કર્યું છે એમ જો સમજાઈ જાય તો તેને તોડવું કઠિન નથી, કારણ કે જે મેં નિર્મિત કર્યું હોય તેને તોડવું કઠિન કઈ રીતે હોઈ શકે?

## બંધન સ્વનિર્મિત છે

એક વાર રોમ ઉપર મોટો હુમલો થયો અને તેના સો નાગરિકોને પકડવામાં આવ્યા. તેમને બાંધીને જંગલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં તેમને બંધનગ્રસ્ત હાલતમાં મરવા માટે મુકી દેવાની યોજના હતી. એ કેદીઓમાંનો એક કેદી લુહાર હતો. જીવનભર લોખંડ સાથે તેનો સંબંધ રહ્યો હતો . જ્યારે બધાને જંજીરોમાં બાંધીને જંગલ તરફ લઈ જવામાં આવતા હતા ત્યારે બધા ઉદાસ હતા પણ તે ઉદાસ નહોતો. તે જાણતો હતો કે બેડીઓને કઈ રીતે તોડવી, તેથી તેને આશા હતી કે બેડી તોડી પોતે પાછો ઘેર જઈ શકશે, પણ જ્યારે તેણે બેડીને ચકાસી તો તે એકદમ રડવા લાગ્યો, એક ફકીરે આનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું, 'પહેલાં મને એમ હતું કે હું જંજીર તોડી શકીશ પણ આ તો મારી જ બનાવેલી બેડીઓ છે. એના ઉપર મારા હસ્તાક્ષર છે. અને હું કોઈ કામ કાચું રાખતો નથી, એકદમ મજબુત બેડી બનાવું છું. કોઈ કામ નબળું ન કરવું એવી મારી આદત હોવાના કારણે મેં બહુ મજબૂત બેડીઓ બનાવી હતી . તેમાંની આ એક છે. અને તેથી તે તૂટવી મુશ્કેલ છે, કઠિન છે'. ફકીરે તેને કહ્યું કે બેડી ગમે તેટલી મજબૂત હોય પણ એ સિદ્ધાંત યાદ રાખજે કે બનાવવાવાળા કરતાં બનાવેલ વસ્તુ ક્યારેય વધુ મજબૂત ન હોઈ શકે. Creator (સર્જનહાર) થી creation (સર્જન) મોટું ન હોઈ શકે. પરમાત્માથી દુનિયા મોટી ન હોઈ શકે, બનાવનારો સદા મોટો રહે છે. તેથી તું ગભરાઈશ નહીં. તારી નિર્મિત કરેલી ચીજ તારાથી મોટી નહીં હોય. જો તું ધ્યાનપૂર્વક બેડીને જોશે તો તને ખબર પડશે કે તે ગમે તેટલી મજબૂત હોય પણ એ જગ્યાએ તો તે કમજોર હોય જ છે કે જ્યાં તે જોડાયેલી હોય, જ્યાં જોડાણ હોય ત્યાં વસ્તુ હંમેશાં કમજોર હોય છે અને તેથી જોડાણ પાસેથી જ વસ્તુ તૂટે છે, બીજે ક્યાંયથી પણ નહીં .

અને તે લુહારે એ જોડાણવાળા ભાગ ઉપર પ્રહાર કર્યો અને સાંજે તો તે પાછો ઘર ભેગો થઈ ગયો. જંજીરોને તોડવામાં તે સફળ થયો હતો.

સંકલન

# કે. એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

કે. એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે સખાવતી દાતાઓનો સન્માન સમારંભ તા. ૦૩/૦૩/૨૦૨૦ ને મંગળવારના રોજ સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો.

સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખે તમામ દાતાશ્રીઓનો અને આમંત્રિતશ્રીઓનો હોસ્પિટલ અને સુપર સ્પેશિયાલીટી સેન્ટરના વિકાસમાં યથાયોગ્ય ફાળો આપવા બદલ હ્રદય પૂર્વક આભાર માન્યો હતો અને કે.એસ.પી. સુપર સ્પેશિયાલીટી સેન્ટરની પ્રગતિનો સારાંશ રજૂ કરેલો.

સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કે.એસ.પી. સુપર સ્પેશિયાલીટી સેન્ટરની સવિસ્તાર માહિતી તેમજ શરુ થનાર નવા પ્રોજેક્ટ વિશેની માહિતી રજૂ કરી હતી. તેમજ મુખ્ય મહેમાન શ્રી કુન્દનભાઇ વ્યાસ (વરિષ્ઠ પત્રકાર અને સી.ઈ.ઓ. " જન્મભૂમિ ગ્રુપ ઓફ ન્યુઝ પેપર્સ ") નો સવિસ્તાર પરિચય આપેલો.

સંસ્થાના પાયાના અને સંનિષ્ઠ કાર્યકર મુરબ્બીશ્રી રસિક કાકા (દેવ) એ આપણી હોસ્પિટલની સ્થાપનાથી માંડીને આજ દિન સુધીનો આછો ખ્યાલ અને આર્થિક ચિતાર રજૂ કરેલો અને સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે સમારંભમાં હાજર સર્વે દાતાશ્રીઓ અને નગરજનોને યથાશક્તિ દાન માટે જાહેર અપીલ કરી હતી.

સંસ્થાના સ્થાનિક મંત્રીશ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહે હોસ્પિટલની તેમજ સુપર સ્પેશયાલીટી સેંટરની છેલ્લા ૧૧ માસની આંકડાકીય માહીતી તેમજ યોજવામાં આવેલા કેમ્પોની માહિતીનો ચિતાર રજૂ કર્યો હતો.

આ સમારંભના મુખ્ય મહેમાન પદે શ્રી કુન્દનભાઈ વ્યાસે સમારંભને અનુરૂપ પ્રવચન કરેલુ અને બાલાસિનોર નગર (વતન) પ્રત્યેની લાગણી દર્શાવતા આહવાન કરેલું કે આવો એકાદ પ્રસંગ મુંબઈ ખાતે યોજાય તો તેમણે તેમનાથી બનતી , યથાયોગ્ય મદદ કરવા તત્પરતા બતાવેલી.

માનનીય ડો. નરેશભાઈ વેદ (એમ.એ.,પી.એચ.ડી.) આ સમારંભમાં આશીર્વચન આપવા પધારેલા . આ સંસ્થામાં બને તેટલું દાન આરોગ્ય ક્ષેત્રે ગરીબ તેમજ મધ્યમવર્ગના દર્દીઓ ના સેવાયજ્ઞ માં વપરાય છે. દાનવીરો અને દાતાશ્રીઓને આપણી આ સંસ્થામાં વધુ ને વધુ દાન કરવાની જાહેર અપીલ કરી હતી.

આ સંસ્થામાં ટ્રસ્ટી અને મેડીકલ ક્ષેત્રે સક્રીય કારકિર્દી ધરાવતા એમ. ડી. મેડીસીન ફીઝીશીઅન ડો. શિશિરભાઈ પી. ગાંધીએ પણ પ્રાસંગિક પ્રવચન કરેલુ. તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ નવી હોસ્પિટલની ઉત્તરોઉત્તર પ્રગતિ થઈ રહી છે.

આ સમારંભનો આભાર વિધિ સમાપન સંસ્થાના કારોબારી મંત્રીશ્રી નીતિનભાઇ પરીખે કરેલ.

શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ માં વધુ નોંધાયેલ દાન:

૧. પૂર્ણિમાબેન શશીકાંત ધારિયા (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ હ. શ્રી શશીકાંતભાઈ ધારિયા. - ૫ લાખ
૨. લવ મીનાક્ષી મોહિત મહેતા (કલકત્તાવાળા) ૧ લાખ
૩. મધુબેન પ્રવિણચંદ્ર પરીખ (બખલી) - ૧ લાખ
૪. ઉપેન્દ્રભાઇ શાહ (રોટેક્ષ વાલ્વ) - ૧ લાખ

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન:

૧. જયંતકુમાર ચંદુલાલ પરીખ :- ૧મિતી
૨. તારાબેન નટવરલાલ દેસાઈ :- ૧મિતી
૩. આનંદ બાલચંદ્ર ભાગવત :- ૧મિતી
૪. નિશા આનંદ ભાગવત. :- ૧મિતી

૫. નાઓમી સમિત દેસાઈ. (શાહ) :- ૧મિતી
૬. રસિકલાલ સાકરલાલ મોદી (દેવ) પરિવાર:- ૫મિતી
૭. આશાબેન વિરેન્દ્ર ગાંધી( સુરતી):- ૧મિતી
૮. નટવરલાલ સાકરલાલ દેસાઈ :- ૧મિતી
૯. શેમીલાબેન શરદકુમાર દેસાઈ :- ૧મિતી
૧૦. શિવાની આનંદ ભાગવત :- ૧મિતી
૧૧. સમિત શરદકુમાર દેસાઈ :- ૧મિતી
૧૨. અન્ય સમિત દેસાઈ. :- ૧ ભિતી
૧૩. લતાબેન રમેશ શાહ (યુ.એસ.એ.)(થાનકી). :- ૧ મિતી
૧૪. પરેશ કચરાલાલ દોશી :- ૧મિતી
૧૫. અશ્વિની મેડીકલ સેન્ટર :- ૧મિતી
હ. ડો.શશીકાંતભાઈ પી. ગાંધી
૧૬. સુરેન્દ્ર બાબુલાલ ગાંધી :- ૨ મિતી
૧૭. આશાબેન જગદીશભાઈ ગાંધી :-૧મિતી
૧૮. સરલાબેન મનહરલાલ કડકીયા (મલમ). :- ૧મિતી
૧૯. સ્મૃતિ નિમીષ કડકીયા (મલમ) :- ૧મિતી
૨૦. પ્રતિમાબેન પ્રકાશ કચેરીયા :- ૨મિતી
૨૧. પરેશ વિનુભાઈ મહેતા(બોમ્બે સેલ્સ) :- ૫મિતી
૨૨. વિધિ નિમેષ કડકીયા (મલમ):- ૧મિતી
૨૩. મનહરલાલ ચુનીલાલ કડકીયા (મલમ):- ૧મિતી
હ. નિમીષ એમ. કડકીયા(મલમ)

બાલાસિનોર કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા) કેમ્પસમાં નીચે મુજબના કેમ્પ યોજાવામાં આવેલ:

(૧) ઈકો કેમ્પ :- તા. ૧૫/૦૩/૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૪ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

(૨) છારી કાઢવાનો કેમ્પ:- તા. ૨૦/૦૩/૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૬ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

(3) શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને જયપુર ફૂટ (કૃત્રિમ હાથ-પગ) કેમ્પ:- તા.૨૪/૦૨/૨૦૨૦ના યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૧ દર્દીઓ નોંધાયેલા તે પૈકી ૧૯ દર્દીઓને તા.૨૮/૦૨/૨૦૨૦ ના રોજ અમદાવાદ ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્ર ખાતે આપણી એમ્બ્યુલન્સમાં લઇ જઈ, ૧૯ આર્ટીકલ નું વિના મૂલ્યે વિતરણ કરાયું હતુ.

(૪) શ્રીમતી કોકીલાબેન જયંતીલાલ કડકીયા (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ:- તા.૦૫/૦૩/૨૦૨૦ના રોજ કે.એસ.પી. સેન્ટરમાં શ્રી રાજેશભાઈ કડકીયા કે જે અમેરિકા થી આવેલ છે. તેમના સહકારથી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી સંચાલિત બ્લડ બેંકના સહયોગથી યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૨૮ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. તથા તા. ૦૭/૦૩/૨૦૨૦ના રોજ માહેશ્વરી મહિલા મંડળના સહકારથી ગાયત્રી સોસાયટી, બાલાસિનોર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાવામાં આવેલ. રેડક્રોસ સોસાયટી, નડીયાદના સહયોગથી કુલ ૪૩ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવેલ.

સુધારો:- જાન્યુઆરી-૨૦૨૦ના અંકમાં ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં શ્રી જગદીશ કીરતનલાલ શાહ (વસનજી) ના નામે ૬૦ મિતિ શરતચૂકથી છપાઈ છે. આ ભૂલ બદલ સંસ્થા દીલસોજી વ્યક્ત કરે છે. આ પછીના અંકમાં જે સુધારો છપાયો છે તે સુધારાની શરતચૂક બદલ પણ દરગુજર.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં રૂ.૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂ. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

શ્રી નિતીન પરીખ
શ્રી પરેશ પરીખ
માનદ મંત્રીઓ

## INTERVIEW

### શબ્દ અને તેનો વિશેષ અર્થ ઈન્ટરવ્યુ

| | |
|---|---|
| I-Intelligence | ~ બુદ્ધિ |
| N-Nobility | ~ ચારિત્ર્ય |
| T-Tact | ~ આવડત |
| E-Education | ~ શિક્ષણ |
| R-Responsibility | ~ જવાબદારી |
| V-Vigour | ~ સ્વાસ્થ્ય (શક્તિ) |
| I-Interest | ~ રસ (કાર્યમાં) |
| E-Experience | ~ અનુભવ |
| W-Work | ~ કાર્યની જાણકારી |

મનગમતા રંગ પૂરો



## પ્રકીર્ણ વિભાગ

### તેજસ્વી તારલા

- ડૉ. અતુલ રસિકલાલ કડકીઆ તથા ડૉ. સ્વાતી કડકીઆ ના સુપુત્ર ડૉ. મીત અતુલ કડકીઆ American Board of Internal Medicine (M. D.) માં ઉત્તીર્ણ થયા છે.
- સિમરન ધર્મેશ શાહ (MBBS) માં ઉત્તીર્ણ થયા છે.

**સંસ્થાવતી તેઓને હાર્દિક અભિનંદન.**

### મૃત્યુ નોંધ

(૧) શાહ નિખીલ શાંતિલાલ (વડોદરાવાળા) (૭૪ વર્ષ)

(૨) પરીખ પ્રફુલા ચંદ્રકાન્ત (૭૮ વર્ષ)

(૩) મોદી અતુલ નવનીતલાલ (કોઠીવાળા) (૬૮ વર્ષ)

(૪) પટેલ જયાબેન રમેશભાઈ કાછિયા

(૫) ગાંધી ઈન્દ્રવદનભાઈ મોહનલાલ (૮૩ વર્ષ)

(૬) કડકીઆ કુસુમબેન નવનીતલાલ (૮૬ વર્ષ)

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

।। श्रीगोकुलनाथो जयति ।।

# शिक्षापद्यानि

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन।

तदा कालप्रवाहस्था देहचित्तादयोप्युत ।। १ ।।

सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम।

न लौकिक : प्रभु : कृष्णो मनुते नैव लौकिकम्।। २ ।।

भावस्तत्राप्यस्मदीय : सर्वस्वश्चैहिकश्च स : ।

परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा।। ३ ।।

सेव्य : स एव गोपीशो विधास्यत्यखिलं हि न :।

શ્રીમહાપ્રભુ આપણને શિક્ષણ આપે છે...

આપણા માર્ગમાં બહિર્મુખતા મુખ્ય દોષ છે. આના ચાર પ્રધાન કારણો છે. ૧) અન્યાશ્રય ૨) અસમર્પિત વસ્તુનો ઉપભોગ ૩) અસદ્ આલાપ અને ૪) દુ:સંગ. જો તમે બહિર્મુખ થઇ જશો તો આ કલિકાલના પ્રવાહમાં રહેલા તમારા પોતાના દેહ-ચિત્ત વિગેરે પણ તમારું સર્વથા ભક્ષણ કરી લેશે - વિનાશ કરી દેશે, આ મારો અભિગમ છે. ભગવાન શ્રીકૃષ્ણમાં મારા વડે બતાવેલો અલૌકિક ભાવ જ રાખવો, મનફાવે તેમ લૌકિક ભાવ કદીયે ન રાખવો. કારણકે મારો બતાવેલો ભગવદ્ભાવ જ ભગવત્કૃપા સિદ્ધ કરવાનું અલૌકિક સાધન છે. આપણા પોતાનું ઐહિક-પારલૌકિક જે કાંઇપણ છે તે સર્વસ્વ શ્રીપ્રભુ જ છે, આ લોક સંબંધી અને પરલોક સંબંધી આપણું બધું એ શ્રીપ્રભુ જ સિદ્ધ કરી આપે છે. તેથી સર્વપ્રકારે, સર્વભાવથી, સમસ્ત ઇન્દ્રિયો વડે ભગવાન શ્રીગોપીશની સેવા કરવી જોઇએ, તે ભગવાન શ્રીગોપીશ જ આપણું અખિલ એટલે આશ્રયભાવથી લઇને સ્વરૂપાત્મક ફલપર્યંત બધું પોતે જ સિદ્ધ કરી આપશે.

Publishing day 20th of every month



WPP License No. MR/TECH/WPP-147/South/2018-20
Regd.No.MCS / 050 / 2018—20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai—400 001 on 20th & 21st of every month

JYOTI PUNJ – April – 2020

# e-JYOTI PUNJ



# મારો પરિવાર મારો આનંદ

Printed & Published by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai—400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P. Road, Mumbai—400004
Editor: Bankim Rajnikant Parikh